ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

# ચુંટણીમાં વિદેશી દારૂની લ્હાણી કરવા બેફામ હેરાફેરી...!

## ગાંધીનગર એલસીબીએ વધુ એક ખીચોખીચ દારૂ ભરેલી ટ્રક અને અર્ટીગા ગાડી પકડી : અડાલજ પોલિસે ઉવારસદની ઓરડીમાં દરોડો પાડી મસમોટો દારૂનો જથ્થો પકડયો : ૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત



ગાંધીનગર, તા.૭

ચુંટણી આવતા જ વિદેશી દારૂ-બિયરના જથ્થા ભરેલા વાહનોના ફેરા બેફામ બની ગયા છે. ચુંટણીમાં વિદેશી દારૂની લ્હાણી કરી મતદારોને રીઝવવા ઉમેદવારો તજ્ઞો ગોઠવી રહ્યા છે. ચુંટણી માટે બુટલેગરો પર સુપર સ્ટોક કરવાની મથામણમાં લાગી ગયા છે. પરંતુ ગાંધીનગર જિલ્લા પોલિસ પણ તેની સામે સુપર એકટીવ થઈ જતા રોજે રોજ એકાદ-બે સ્થળેથી દારૂની હેરાફેરી કરતા વાહનો સાથે બુટલેગરોને પકડી રહી છે. ગઈ મોડી સાંજે પણ એલસીબીએ એક ટ્રક અને અર્ટીગા ગાડી સાથે મસ મોટો દારૂનો જથ્થો પકડયો હતો તો બીજી તરફ ઉવારસદમાં સ્ટોક કરી દેવાયેલો વિદેશી દારૂનો મોટો જથ્થો અડાલજ પોલિસે પકડી પાડયો હતો. ગઈ રાત્રે અડાલજ અને એલસીબીના દરોડામાં ૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નોંધનીય બાબત એ છે કે ચુંટણી સમયે ગાંધીનગર વિસ્તારમાં વિડીયો રેકોર્ડીંગ સાથે કાફલાઓ સઘન વાહન ચેકીંગમાં ગોઠવી દેવાયા છે તો શું ગુજરાતની બોર્ડરો કે જયાંથી આટલો મોટો માલ આવી રહ્યો છે ત્યાં આવી ટીમ નહીં હોય..? ત્યાં પણ સઘન વાહન ચેકીંગ થાય છે તો દારૂ-બિયર ભરેલા આટલા બધા વાહનો ગુજરાતમાં પ્રવેશ કેવી રીતે કરી શકે છે? રેન્જ આઈજીપી આ બોર્ડર પર ફરજ બજાવતા અધિકારીઓને બેદરકારી કે નિષ્કાળજી બદલ સસ્પેન્ડ કરશે કે કેમ? તેવા પણ સવાલો ઉભા થયા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તેમની ટીમ સાથે પેટ્રોલીંગમા હતા ત્યારે કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ અને નરેશકુમારને ચોકકસ બાતમી મળી હતી કે મહુડીથી ગાંધીનગર તરફ એક ટ્રક નં. પીબી ૦૩ એજે ૮૧૬૦ અને બીજી મારૂતિ અર્ટીગા કાર નં. આર.જે. ૪૯ યુ.એ. ૦૧૪૭ આવી રહી છે. જેમાં દારૂ-બિયરનો જથ્થો લવાઈ રહ્યો છે. બાતમી આધારે પીપળજ પાટીયા પાસે વોચ ગોઠવી ટ્રક પકડી પાડી હતી. ડ્રાઈવર ફટીંડાનો કુલદીપ સુખદેવ શર્મા હતો અને તેની બાજુમાં એક સગીર બેઠો હતો. ટ્રકમાં તપાસ કરતા કોસ્મેટીક માલસામાનની પેટીઓની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. દારૂની પેટીઓ ગણવાની કામગીરી ચાલુ હતી ત્યાં જ બીજી બાતમીવાળી અર્ટીગા નીકળતા તેને પણ પકડી પાડી હતી. તેમાંથી ડ્રાઈવર રાજસ્થાનનો ચંદ્રપ્રકાશ કેવલક્રીષ્ણા જોષી, યશપાલ દેવીલાલા જાટ અને હરિયાણાના રવિન્દ્ર કિશનલાલ જાટ પકડાયા હતા. કારમાં ૨૦ પેટી દારૂ ભરેલો હતો. એલસીબીની ટીમે ૧૬૯૫૬ નંગ (૮૫૪ પેટી) વિદેશી દારૂનો જથ્થો, ટ્રક, ગાડી, કોસ્મેટીક સામાન અને મોબાઈલ સહિત કુલ રૂ. ૪૬,૨૦,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એક કિશોર સહીત પાંચની ધરપકડ કરી માલ કયાંથી લાવ્યા અને કયાં લઈ જવાતો હતો તે સહીતની પુછપરછ શરુ કરી છે.

તો બીજી તરફ અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમે બાતમી આધારે ઉવારસદ ગામમાં દરોડો પાડયો હતો. કલોલ પાનસર ચોકડી (એ ટુ ઝેડ ફાય સેન્ટર) વાળો જાવેદ મહંમદ શેખ અને ઉવાસદનો સુરેશ લખા ઠાકોર બંને મળી દારૂનો વેપલો કરતા હોવાની બાતમી મળી હતી અને માલ ઉવારસદની સીમમાં સર્વે નંબર ૧૯૬માં આવેલી ટેબાવાળા પા માં પતરાવાળી ઓરડીમાં સંતાડયો હોવાનું જાણવા મળતા અડાલજ પોલિસે દરોડો પાડી ઓરડીમાંથી વિદેશી દારૂનો ૩૭૪ પેટીનો મસમોટો જથ્થો પકડી પાડયો હતો. ૪૪૮૮ નંગ બોટલો મળી રૂ. ૧૪,૯૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બંને બુટલેગરોની અડાલજ પોલિસે શોધખોળ શરુ કરી છે. ગઈ સાંજે એલસીબી અને અડાલજ પોલિસના દરોડામાં ૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક સગીર સહિત પાંચની ધરપકડ કરવામાં આવી હતી.

## વાતવાતમાં

● ચુંટણી સમયે ગાંધીનગર સહિત રાજયભરમાંથી દેશી દારૂના અડ્ડા અને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાઈ રહ્યો છે જેનો ઉપયોગ ચુંટણીમાં મતદારોને પ્રભાવિત કરવા વપરાવાનો હતો. પોલિસની આ અસરકારક કામગીરીની પ્રસંશા કરવા સાથે ચુંટણી સિવાયના સમયમાં પણ પોલિસ આવી કામગીરી કેમ નથી કરી શકતી તેવા સવાલો નાગરિકોમાં ઉઠવા પામી રહ્યા છે.

● વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને જાહેર કરાયેલી આચારસંહિતાને પગલે તંત્ર દ્વારા રાજકીય નેતાઓના કે સરકારી જાહેરાતોના અગાઉથી લાગેલા બોર્ડ, પોસ્ટર્સ કે બેનર્સ ઉતારવામાં આવ્યા છે. અનેક સ્થળે આવા રહ્યા સહ્યા બોર્ડ, પોસ્ટર્સ કે બેનર્સ શોધવા માટે તંત્રની ટીમ દિવસભર ફાંફે ચઢી હતી.

● ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮માં સે-૫માં રોડ પેચીંગ તથા પેવરીંગનુ કાર્ય ચાલી રહ્યું છે. આ વોર્ડના અન્ય વિસ્તારો જેવા કે સે-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારમાં પણ આ કાર્ય તાત્કાલિક શરુ કરવા સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ પાટનગર યોજના વિભાગ સમક્ષ લેખિત માંગણી કરી છે.

● ગાંધીનગરની ફોરેન્સિક સાયન્સ યુનિ.ની આફ્રિકાના લિસોટો દેશ તથા પડોશી બાંગ્લાદેશના ડેલિગેશને મુલાકાત લઈ અત્રેની કામગીરીનો અભ્યાસ કર્યો હતો.

## આરોગ્યના ઉચ્ચ અધિકારીએ સિવિલના કર્મીઓનો એટેન્ડન્ટ રીપોર્ટ માંગ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ગેરહાજરી અને તેમના દ્વારા ખોટી રીતે કરાતી પ્રાઈવેટ પ્રેકટીસ અંગે આરોગ્ય કમિશનર સુધી ફરિયાદ પહોંચી છે. જેની ગંભીર નોંધ લઈને કમિશનરે સિવિલના ડોકટરો સહિત સરકારી કર્મચારીઓની હાજરી અંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ પાસેથી એટેન્ડન્ટનો રિપોર્ટ માંગ્યો છે. આ ઉપરાંત ઉચ્ચ અધિકારીની ટીમ પણ આ અંગે સિવિલની મુલાકાતે આવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ બની ગયા બાદ ડૉકટર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. જયારે ઘણા ડોકટર્સને તો એમસીઆઈના ઈન્સ્પેકશન વખતે ડેપ્યુટેશન ઉપર તેડાવી અહીં ફકત કાગળ ઉપર જ દર્શાવવામાં આવે છે. તો ઘણા અધિકારીઓની સાથે સારા સંબધને કારણે હોસ્પિટલમાં ઓપીડી ચલાવવા માંડ અઠવાડિયામાં એક જ વાર દેખાય છે. જયારે ઘણા ડૉકટર ખોટી રીતે પ્રાઈવેટમાં પ્રેકટીસ કરતા હોવાની પણ ફરિયાદ ઉઠી છે. જેની આરોગ્ય કમિશનરે ગંભીરતાથી નોંધ લઈ લીધી છે અને ડૉકટરો જ નહી નર્સિંગ સ્ટાફ સહિત લેબ ટેકનીશીયન તથા અન્ય સ્ટાફની હાજરી અંગે ખાસ અહેવાલ પણ કમિશનર વિભાગથી સિવિલ સુપ્રિટેન્ડન્ટ પાસેથી મંગાવવામાં આવ્યો છે ત્યારે સિવિલના કર્મીઓની હાજરી મેઈલ સ્વરૂપે મોકલી આપવામાં આવી છે છતાં આ હાજરીથી કમિશનરને સંતોષ નહી થતા તેઓએ ઉચ્ચ અધિકારીઓને સિવિલની મુલાકાત માટે આજે મોકલ્યા હતા. સિવિલમાં હાજરી અંગે આવેલા ઉચ્ચ અધિકારીઓએ પણ હાજરી ભરાવવાની થમ્બ ઈમ્પ્રેશનની સિસ્ટમ સહિતની માહિતી મેળવી હતી અને હવે તેઓ કમિશનરને રિપોર્ટ કરશે ત્યારે સિવિલના ચાલુ નોકરીએ ગુલ્લી મારીને જતા અધિકારી-કર્મચારીઓ પર તવાઈ આવશે તેમ લાગી રહ્યું છે.



ગાંધીનગર મુસ્લિમ સમાજ વતી મહંમદ ઈસ્માઈલ પઠાણ તથા સમસ્ત ગુજરાત મીર મુસ્લિમ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ રહીમભાઈ મીર દ્વારા રાજભવન ખાતે મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## બહુજન સમાજ પાર્ટીનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર શહેરના બહુજન સમાજ પાર્ટીનો સ્નેહમિલન કાર્યક્રમ તાજેતરમાં સે-૬-બી ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં બી.એસ.પી.ના કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે કાર્યકરોએ આગામી ચુંટણીને ધ્યાને લઈ વિવિધ ચર્ચા વિચારણા કરી હતી.

## દેના ગુજરાત ગ્રામીણ બેંક ખાતે જાગૃતિ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૭

તાજેતરમાં સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૧૭ અંતર્ગત દેના ગુજરાત ગ્રામીણ બેંક, હેડ ઓફીસ, સેકટર-૧૭ ગાંધીનગર ખાતે બેંકના જનરલ મેનેજર રાકેશ ચલાવરીયાના અધ્યક્ષ સ્થાને આમંત્રિત મહેમાન સી.પી. ઝીંઝુવાડિયા (રીટાયર્ડ, ડેપ્યુટી સેક્રેટરીઝ) અને ડી.પી. શાહ (એકઝીકયુટીવ એન્જિનયિર-ઈરિગેશન, ગુજરાત વિજીલન્સ કમિશન, ગુજરાત રાજય, ગાંધીનગર) એ બેંકના સ્ટાફ અને શાખા મેનેજર્સને સમાજમાંથી ભ્રષ્ટાચાર નાબુદ કરી 'ભ્રષ્ટાચાર મુકત ભારત' માટે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. તેઓએ બેન્કિંગ ક્ષેત્રમાં વિજીલન્સની વ્યાપકતા વિષે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી સમાજના દરેક વર્ગને બેકિંગની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય એ વાત પર તેઓએ ભાર મુકયો હતો. જનરલ મેનેજર રાકેશ ચલાવરીયાએ લોક સહયોગ દ્વારા ભ્રષ્ટાચાર દુર કરવા સ્ટાફ અને મેનેજર્સને પ્રતિબદ્ધ થવા જણાવ્યું હતું.

## સચિવાલય કેન્ટિન ખાતે વાડો કાઈ કરાટેની જિલ્લા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં સચિવાલય કેન્ટિન ખાતે તા. ૫મી નવેમ્બર રવિવારના રોજ જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાની ૩૨ શાળાઓના ૧૫૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.



વાડો કાઈ કરાટે-ડૉ એકેડેમી દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કુલ ૬ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ્સ સાથે પ્રથમસ્થાને રહી હતી જયારે હિલવુડ સ્કુલ ૫ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સાથે દ્વિતિય સ્થાને રહી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન વાડો કાઈ કરાટે ડૉના સેન્સેઈ ગૌરાંગ રાણા દ્વારા કરાયું હતું. જેમાં મુખ્ય મહેમાન પદે હિતેશભાઈ શેર ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને વાડો કાઈ કરાટે એકેડેમીના ઑલ ઈન્ડિયા ટેકનિકલ ડાયરેકટર સોન્સાઈ અરવિંદ રાણાએ અભિનંદન આપ્યા હતા. સ્પર્ધાના આયોજન માટે એકેડેમીના સિનિયર કોચ શૈલેષ આહિર, જિગ્નેશ ત્રિવેદી સહિતના કોચીઝ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. સમાપન સમારોહનું સંચાલન યોગેશ વિશ્વકર્માએ સંભાળ્યું હતું.

## વોર્ડ નં. ૮માં સે-૨બી ખાતે નૂતન વર્ષ શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮માં સેકટર-૨-બી ખાતે વસાહતીઓ દ્વારા નૂતન વર્ષે શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતને પુષ્પગુચ્છ આપી સન્માનવામાં આવ્યા હતા.

નૂતન વર્ષે શહેરના સેકટરોમાં વિવિધ વસાહતો દ્વારા સ્નેહમિલન સમારંભ યોજવાનો શિરસ્તો છે. ગાંધીનગરના સે-૨-બી ખાતે વસાહતીઓ દ્વારા આયોજિત સ્નેહમિલન સમારંભમાં સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત ઉપસ્થિત રહ્યા હતા અને વસાહતીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે વસાહતીની ૩૦થી વધુ મહિલાએ સ્થાનિક



મહિલા કોર્પોરેટરનું પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતુ તથા તેમનું મિઠાઈ વડે મ્હોં મીઠું કરાવ્યું હતું. નગરસેવકે આ પ્રસંગે તમામ વસાહતીઓને નવ વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી આ સમારંભમાં વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના આયોજનની જવાબદારી સે-૨ ના મહિલા કાર્યકર સુશીલાબેન સોલંકી તથા અગ્રણી વસંતભાઈ અને મેહુલભાઈ સોલંકીએ ઉપાડી લીધી હતી.

## સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં દબાણોથી રહેવાસીઓ પરેશાન

ગાંધીનગર, તા.૭

સેકટર-૨૪ના શ્રીનગર સોસાયટીમાં કેટલાક રહેવાસીઓએ બહારની બાજુએ બિનઅધિકૃત દુકાન ખોલી નાંખેલ છે જેના કારણે શ્રીનગર સોસાયટીના રહેવાસીઓને જવા આવવાની સ્કુટર, સાયકલ લઈ જવાની મુશ્કેલી પડે છે. ગેરકાયદેસર દબાણો કાયદાની ઐસી-તૈસી કરી દુકાનો કરેલ છે. પરંતુ આ દબાણ હટાવવામાં આવતા નથી. હાઉસીંગ બોર્ડ, મનપા તથા પાટનગર યોજના વાળાઓની મીલી ભગતથી આ દબાણો વધતા જાય છે. સરકારમાં રજુઆત છતાં કોઈ કાર્યવાહી થતી નથી અને રહેવાસીઓ મુંગા મોઢે સહન કરી રહ્યા છે.

## કબડ્ડીમાં સાઈ ગાંધીનગર નેશનલ સબ જુનિયર ચેમ્પિયન

### ઝારખંડ ખાતે યોજાયેલ ૨૯મી જબ જુનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં સાઈની બોયઝ અને ગર્લ્સ બંને ટીમ ચેમ્પિયન : ફાઈનલમાં બોયઝ ટીમે યુપીને અને ગર્લ્સ ટીમે હરિયાણાને માત આપી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સાઈની સબ જુનિયર કબડ્ડીની બૉયઝ અને ગર્લ્સ બંને ટીમોએ ઝારખંડના દુમકા ખાતે યોજાયેલ કબડ્ડી ફેડરેશનની નેશનલ ચેમ્પિયનશીપ જીતી લઈ ગુજરાતનો ડંકો વગાડી દીધો છે. બૉયઝની ટીમે ફાઈનલમાં ઉત્તરપ્રદેશની ટીમને ૨૭-૧૨ના સ્કોરથી જયારે ગર્લ્સની ટીમે ફાઈનલમાં હરિયાણાની ટીમને ૩૬-૧૬ના સ્કોરથી હરાવી આ નેશનલ ચેમ્પિયનશીપ જીતી લીધી છે. બૉયઝની ટીમમાં ગાંધીનગરના વિશાલ અને ગર્લ્સની ટીમમાં નિશાને બેસ્ટ ઓલરાઉન્ડર પ્લેયર્સનો ખિતાબ એનાયત કરાયો છે. બંને ટીમને કોચ જયવીર શર્મા તથા સંજીવ શર્માએ કોચીંગ આપ્યું છે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનું ગાંધીનગર ખાતેનું કેન્દ્ર કબડ્ડીની રમતની તાલીમ માટે સૌથી વધુ લોકપ્રિય કેન્દ્ર ગણાય છે. આ વાતની પ્રતિતી આજે ઝારખંડના દુમકા ખાતે કબડ્ડી ફેડરેશનની નેશનલ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર સાઈની બૉયઝ અને ગર્લ્સની ટીમે કરાવતા બંને ટીમોએ પોતાના વિભાગમાં વિજેતા પદ હાંસલ કર્યું





છે. ઝારખંડ કબડ્ડી ફેડરેશનના યજમાન પદે તા. ૪ થી ૭ નવેમ્બર દરમિયાન ૨૯મી સબજુનિયર કબડ્ડી નેશનલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. સબજુનિયર એટલે અન્ડર-૧૬ કેટેગરીની આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સાઈ ગાંધીનગરની બંને ટીમોએ ૩ લીગમેચો, પ્રિ-કવાર્ટર ફાઈનલ, કવાર્ટર ફાઈનલ, સેમીફાઈનલ અને ફાઈનલ મેચો રમી હતી. બૉયઝની ટીમે ફાઈનલ મેચમાં ઉત્તરપ્રદેશની ટીમને ૨૭-૧૨ના સ્કોરથી જયારે ગર્લ્સની ટીમે હરિયાણાની ટીમને ૩૬-૧૬ના સ્કોરથી હરાવી હતી. બૉયઝની ટીમના વિશાલને અને ગર્લ્સની ટીમની નિશાને બેસ્ટ ઓલરાઉન્ડર પ્લેયર્સ જાહેર કરાયા હતા. બંને ટીમોના યશસ્વી પ્રદર્શનને કારણે શહેરના રમતપ્રેમીઓમાં આનંદનું મોજું પ્રસરવા પામેલ છે.

## ચિરવિદાય

- સ્વ. સંતોકબેન મગનલાલ પ્રજાપતિ, ઉ.વ. ૧૦૫
- સ્વ. સીવીબેન ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૮૦